સત્ય मेव जयते

દાખલ કર્યા તારીખ: ૨૩/૦૬/૨૦૧૭
નોંધ્યા તારીખ: ૨૩/૦૭/૨૦૧૭
નિર્ણય તારીખ: ૦૧/૦૧/૨૦૨૧
સમયગાળો : વર્ષ : માસ : દિવસ

**વલસાડના બીજા વધારાના સત્ર ન્યાયાધીશ શ્રી કે.જે. મોદી સાહેબની અદાલત સમક્ષ, મુકામ:વાપી**

**સેશન્સ કેસ નં–૧૫૧/૨૦૨૦**
**(જુનો સે.કે.નં.૬૨/૨૦૧૭)**
આંક–

**ફરીયાદી** :– **શ્રી સરકાર.**

**વિરુધ્ધ**

**આરોપી** :–

૧. **વિકાસસીંગ રાજેશસીંગ**
રહે.દેસાઈવાડ, તુલસી વિહાર એપાર્ટમેન્ટ,
વાપી, તા.વાપી, જી.વલસાડ.

૨. **પંકજ કનૈયાલાલ ગીરી**
રહે.સિધ્ધનાથ મહાદેવ મંદિર રોડ,
વાપી, તા.વાપી, જી.વલસાડ.

૩. **શ્રીરામ જવાહર રાજભર**
રહે.ટાંકી ફળીયા, જે ટાઈપ રોડ, શર્માજીની ચાલી,
વાપી, તા.વાપી, જી.વલસાડ.

૪. **વિકી ભગુભાઈ કો.પટેલ**
રહે.ગીતાનગર, ટાંકી ફળીયા, જે ટાઈપ રોડ,

મધર ટેરેસા સ્કુલ, વાપી,
તા.વાપી, જી.વલસાડ.

૫. **અજીમ ઉર્ફે કલ્લુ ઈર્શાદ મીર્જા**
રહે.ઈમરાનનગર, મોર્ડન સ્કુલની બાજુમાં, વાપી,
તા.વાપી, જી.વલસાડ.

૬. **અનિલ ઉર્ફે જાડીયો મુનીલાલ યાદવ,**
રહે.ગીતાનગર, વાપી,
તા.વાપી, જી.વલસાડ.

૭. **મલીક મુરાદ વિરાણી**
રહે.ચલા, જગનપાર્ક, આશીયાના એપાર્ટમેન્ટ,
વાપી, તા.વાપી,જી.વલસાડ.

૮. **ચંદ્રકેશ ઉર્ફે રામુ દિપનારાયણ પાંડે,**
રહે.ગીતાનગર, મોર્ડન સ્કુલની પાછળ,
વાપી, તા.વાપી, જી.વલસાડ.

૯. **આસીફ ઉર્ફે અબુસાદ સૈયદ**
રહે.ગીતાનગર, વાપી,
તા.વાપી, જી.વલસાડ.

૧૦. **આશિષ ઉર્ફે ગબ્બર ઉર્ફે રાજ ઉર્ફે રોનક રાજેશ શર્મા**
**(મરણ ગયેલ છે)**
રહે.ગીતાનગર, ગુજરાતી સ્કુલની પાછળ,
વાપી, તા.વાપી, જી.વલસાડ.

**<u>ગુન્હો</u>**:- <u>ઈ.પી.કો. કલમ- ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૩૨૬ ૫૦૪ તથા ૨૦૧ મુજબ.</u>

---

શ્રી સરકાર તરફે : વિ. એ.પી.પી.શ્રી આર. એમ. ચાંપાનેરીયા.
આરોપી તરફે : : વિ.વ.શ્રી એફ.જે.કાઝી

---

**<u>::: ચુ કા દો:::</u>**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

આરોપીઓએ તા.૩/૧૨/૨૦૧૫ ના રોજ કલાક ૨૩.૦૦ થી કલાક ૨૩.૨૦ ના સમય દરમ્યાન વાપી મુકામે આશોપાલવ સોસાયટી, સાંઈ નંદન ટાવરવાળા બીલ્ડીંગના ગેઈટ પાસે ફરીયાદી અને સાહેદોનું મૃત્યુ નિપજાવવાનો ગુનો કરવાના ઈરાદે ગેરકાયદેસર મંડળી રચેલી અને તેનાં સભ્ય બનેલા અને કુહાડી, સળીયા, લાકડી, ચપ્પુ જેવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરી એકબીજાની મદદગારીમાં સાહેદ જગદીશ ઉર્ફે છોટુને તેના શરીરના નાજુક અવયવ ઉપર મૃત્યુ નીપજી શકે તેવી ગંભીર પ્રકારની મહાવ્યથા સ્વરૂપની ઈજાઓ કરેલી પરંતુ તેને સારવાર મળી જતાં તે બચી જવા પામેલ હતો, અન્યથા ઈજાના કારણસર તેનું મૃત્યુ નીપજી શકે તેવી સ્થિતિ હતી અને તેઓને ગાળો આપી હડધુત તેમજ અપમાનિત કરેલ હોવાની ફરીયાદ ફરીયાદી લક્ષ્મીસીંગ લાલબહાદુરસીંગ નાએ પી.એસ.આઈ. શ્રી જે.સી.શેખ, વાપી ટાઉન પો.સ્ટે. રૂબરૂ વિગતવારની ફરીયાદ આપી હતી. જે આધારે વાપી ટાઉન પો.સ્ટે. ફર્સ્ટ ગુ.રજી.નં–૨૮૫ સને ૨૦૧૫ થી ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ***(કે જેને સરળતા ખાતર હવે પછી આ ચુકાદામાં ''પીનલ કોડ'' તરીકે સંબોધવામાં આવ્યાં છે)*** ની કલમ:– ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૩૨૬, ૫૦૪ તથા ૨૦૧ અન્વયે ગુનો નોંધવામાં આવ્યો હતો. જે અંગેની તપાસ પી.એસ.આઈ. શ્રી બી.એમ.પટેલને સોંપતા તપાસ સંભાળી લઈ, તપાસ દરમ્યાન ત.ક.અમલદારે સાહેદોના નિવેદનો લીધેલાં અને બનાવવાળી જગ્યાએ જઈ એફ.એસ.એલ. અધિકારી સાથે પંચો રૂબરૂ પંચનામું કરી, ઈજા પામનારાઓના લોહીવાળા કપડાં પંચનામાની વિગતે કબજે કરેલાં. ત્યારબાદ પંચો રૂબરૂ આરોપીઓની અટક કરી, બનાવ સમયે પહેરેલ કપડાં તથા ગુનામાં વાપરેલ હથીયારો પંચનામાની રૂએ કબજે લીધેલ. ઈજા પામનાર જગદીશસિંહ ઉર્ફે છોટુ ભાનમાં આવતા

કાર્યપાલક મેજીસ્ટ્રેટશ્રી મારફતે ડી.ડી. લેવડાવેલ. કબજે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલાવેલ. આરોપીઓને મુદત અંદર ન્યાયીક હિરાસતમાં મોકલી આપ્યા હતાં અને ગુનાની તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ રજુ કર્યુ હતુ. સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હકુમત સ ત્ર અદાલતને હોય મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, વાપીનાઓએ ફોજદારી કાર્યરિતિ સંહિતા, ૧૯૭૩ ***(કે જેને સરળતા ખાતર હવે પછી આ ચુકાદામાં '' સંહિતા '' તરીકે સંબોધવામાં આવ્યા છે)*** ની કલમ ૨૦૯ અન્વયે સદર કેસ કમીટ કર્યો છે.

(૨) આરોપીઓને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પૂરી પાડવામાં આવી છે કે કેમ? તેની ખાતરી કરતાં આરોપીઓને તે પ્રાપ્ત થઈ હોય ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ ''સંહિતા'' ની કલમ ૨૨૬ અન્વયે આારોપીઓ સામેના તહોમતનું વર્ણન કરી આરોપીઓને કસુરવાર ઠરાવવા માટે ફરિયાદપક્ષ કયા–કયા સૂચીત પુરાવાઓ રજૂ કરવાના છે, તે જણાવી વિધ્વાન એ.પી.પી.શ્રી એ હાલનો કેસ પ્રારંભ કર્યો છે. ત્યારબાદ, હાલના આરોપીઓને ''સંહિતા'' ની કલમ ૨૨૭ અન્વયે ડીસ્ચાર્જ કરવામાં આવ્યા ન હોય અને આરોપીઓએ તેમની સામેના સુચિત ગુનાહિત કૃત્યો કર્યાનું અનુમાન કરી શકાય તેવા કારણો હોય ''સંહિતા'' ની કલક ૨૨૮(બી) અન્વયે આરોપીઓ સામે તહોમતનામું <u>આંક : ૬</u> થી ઘડવામાં આવ્યું હતું. તેમજ ''સંહિતા'' ની કલમ ૨૨૮(૨) અન્વયે સદર તહોમતનામાના કથનો આરોપીઓ રૂબરૂ વાંચી સંભળાવી, સમજાવી, આરોપીઓ તેમની સામેના આક્ષેપિત ગુનાહિત કૃત્યો કર્યાનું કબુલ કરે છે કે બચાવ કરવા માંગે છે ? તેમ પુછી તેમનું નિવેદન અનુક્રમે <u>આંક : ૭</u> થી <u>આંક–૧૬</u> સુધી નોંધવામાં આવ્યા હતાં. જે અન્વયે આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરી બચાવ કરવા માંગતા

હોવાનું જણાવતા આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવી છે.

(૩) ફરીયાદપક્ષ તર્ફે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ ઉપર આધાર રાખ્યો છે.

(એ) મૌખિક પુરાવાઓ :–

| **સા.નં.** | **સાહેદનુ નામ** | **આંક** | **વિગત** |
|---|---|---|---|
| ૧. | જગદીશ ઉર્ફે છોટુ લાલબહાદુરસિંહ ઠાકુર | ૩૬ | ઈજા પામનાર સાહેદ |
| ૨. | લક્ષ્મીસીંગ લાલબહાદુરસીંગ સીંગ | ૩૮ | ફરીયાદી |
| ૩. | સાવિત્રીસંઘ લાલબહાદુરસીંગ ઠાકુર | ૪૦ | સાહેદ |
| ૪. | વાસુદેવ ચંદવાની પરસોત્તમભાઈ | ૪૪ | મેડીકલ ઓફીસર |
| ૫. | બ્રીજેશકુમાર મણીભાઈ પટેલ | ૪૮ | ત.ક.અધિકારી |

(બી) દસ્તાવેજી પુરાવાઓ :–

| અ.નં. | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૩૯ |
| ૨. | ઈજા પામનાર જગદીશ લાલ બહાદુરની ઈજા અંગેનું મેડીકલ સર્ટીફીકેટ | ૪૫ |
| ૩ | તપાસનો ડેપ્યુટ હુકમ | ૪૯ |
| ૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૫૦ |
| ૫ | આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડાં કબજે કર્યાનું પંચનામું | ૫૧ |
| ૬ | આરોપીઓનું અટક પંચનામું | ૫૨ |
| ૭ | મોટર સાયકલ કબજે કર્યાનું પંચનામું | ૫૩ |
| ૮ | આરોપીઓની શરીરસ્થિતિનું પંચનામું | ૫૪ |
| ૯ | ઈજા પામનારનું મરણોન્મુખ નિવેદન | ૫૫ |

| | | |
|---|---|---|
| ૧૦ | મુદ્દામાલ રવાનગી નોંધ | ૫૬ |
| ૧૧ | એફ.એસ.એલ.એ ત.ક.અ.ને લખેલ પત્ર | ૫૭ |
| ૧૨ | એફ.એસ.એલ.નો બાયોલોજી પરીક્ષણનો અહેવાલ | ૫૮ |
| ૧૩ | એફ.એસ.એલ.નો સીરોલોજીકલ પૃથ્થકરણ અહેવાલ | ૫૯ |

(૪) ઉપરોકત પુરાવા સિવાય ફરીયાદ પક્ષ તર્ફે અન્ય કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવા રજૂ કર્યા નથી. ફરિયાદ પક્ષે આંક–૬૦ થી ડ્રોપીંગ પુરસીસ રજૂ કરેલ છે. ફરિયાદ પક્ષે પુરાવા બંધ કર્યાની પુરસીસ આંક : ૬૧ થી રજૂ કર્યુ છે. ત્યારબાદ અત્રેની અદાલતે ''સંહિતા'' ની કલમ ૨૩૩ ને અનુસરીને આરોપીઓ સોગંદ ઉપર જુબાની આપવા માંગતા હોય અગર તો બચાવમાં સાહેદો તપાસવા માંગતા હોય તો તેમ કરવાનો તેમને પુરેપુરો અધિકાર છે, તેવી સમજણ આરોપીઓને આપવામાં આવી છે પરંતુ આરોપીઓ પોતે પોતાના અધિકારનો ઉપયોગ કરવા માંગતા નથી તેમજ કોઈ પુરાવો રજૂ કરવા માંગતા નથી, તેવું જાહેર કરતાં આ કોર્ટે ''સંહિતા'' ની કલમ ૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધ્યું છે. જેમાં આરોપીઓએ પુરાવામાં રજૂ થયેલાં પોતાના વિરુધ્ધના સંજોગોનો ઈન્કાર કરી ફરીયાદ પક્ષ તરફથી તેઓને ખોટી રીતે આ ગુનામાં સંડોવી દેવામાં આવ્યા હોવાની હકીકત રજૂ કરી છે.

(૫) ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ તથા આરોપીઓનું વિશેષ નિવેદન નોંધ્યા બાદ ઉભય પક્ષકારોની મૌખિક દલીલો સાંભળવામાં આવી છે. ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી. શ્રી આર. એમ. ચાંપાનેરીયા એ તેમની દલીલોમાં મુખ્યત્વે રજુઆત કરી છે કે, ફરીયાદ પક્ષ તરફથી સચોટ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્વારા પોતાનો કેસ વ્યાજબી શંકા રહીત પુરવાર કરવામાં સફળ નીવડયા

છે. સબબ આરોપીઓને કસુરવાર ઠરાવીને સમાજમાં દાખલો બેસે તે પ્રકારની સજા કરવી જોઈએ.

(૬) જયારે બચાવ પક્ષના વિ. વ. શ્રી. એ કરેલી તેમની દલીલોમાં મુખ્યત્વે રજુઆત કરી છે કે, આ કામે ફરીયાદીનો પુરાવો અને ફરિયાદ સાથે વંચાણે લેવામાં આવેલ તો ફરીયાદીએ ફરીયાદ પક્ષનાં કેસને અનુરૂપ પુરાવો આપેલ નથી અને ફરીયાદી સહિતના તમામ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે. અન્ય સાહેદોએ પણ પ્રોસીકયુશનનાં કેસને સમર્થન કરેલ નથી, આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં આરોપીઓએ હાલનો ગુનો કરેલ હોવાનું પુરવાર થતું નથી. આમ સમગ્ર ટ્રાયલ દરમ્યાન પ્રોસીકયુશન તહોમતદારો સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરી શકેલ નથી. સબબ આરોપીઓને હાલના ગુના અંગે દોષી ઠરાવી શકાય નહીં. આમ, ફરીયાદ પક્ષ પોતાનો કેસ વ્યાજબી શંકા રહીત પુરવાર કરવામાં નિષ્ફળ નીવડયા હોય તહોમતદારોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

(૭) પક્ષકારો તર્ફે રજુ કરવામાં આવેલ પુરાવાઓ તથા રજુઆતો ધ્યાને લેતાં આ કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થયા છે :–

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા.૦૩/૧૨/૨૦૧૫ ના રોજ કલાક ૨૩.૦૦ થી કલાક ૨૩.૨૦ ના સમય દરમ્યાન વાપી મુકામે આશોપાલવ સોસાયટી, સાંઈ નંદન ટાવરવાળા બીલ્ડીંગના ગેઈટ પાસે ફરીયાદી અને સાહેદોનું મૃત્યુ નિપજાવવાના ઈરાદે ગેરકાયદેસર મંડળી રચી, તેનાં સભ્ય બની, કુહાડી, સળીયા, લાકડી, ચપ્પુ જેવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરી, એકબીજાની મદદગારીમાં સાહેદ જગદીશ ઉર્ફે

છોટુને તેના શરીરના નાજુક અવયવ ઉપર મૃત્યુ નીપજી શકે તેવી ગંભીર પ્રકારની મહાવ્યથા સ્વરૂપની ઈજાઓ કરેલી, પરંતુ તેને સમયસર સારવાર મળી જતાં તે બચી જવા પામેલ હતો અન્યથા ઈજાના કારણસર તેનું મૃત્યુ નીપજી શકે તેવી સ્થિતિ હતી, તેમજ તેમને ગાળો આપી હડધુત અને અપમાનિત કરેલ અને તેમ કરીને આરોપીઓએ ''પીનલ કોડ'' ની કલમ : ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૪, ૫૦૪ તથા ૫૦૬(૨) મુજબ સજાને પાત્ર ગુનાહિત કૃત્ય કર્યુ છે ?

(૨) છેવટે શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓનો મારો નિર્ણય નીચે મુજબ છે :–

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૯) મારા ઉપરોકત નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો :–**

**મુદ્દા નંબર : ૧** :–

(૧૦) ફરીયાદ પક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે સૌ પ્રથમ **સાહેદ નં.૧ જગદીશ ઉર્ફે છોટુ લાલબહાદુરસિંહ ઠાકુરને આંક–૩૬** થી સોગંદ ઉપર તપાસેલ છે. તેમણે પોતાના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ બન્યાને ત્રણથી ચાર વર્ષનો સમય વીતી ગયો છે. બનાવ રાત્રિના દસ વાગ્યાના અરસામાં બનેલો. બનાવના દિવસે તેમના પિતરાઈ ભાઈ કમલેશ સીંઘ તેમના ઘરે આવેલ. સાંજના સાડા સાતના અરસામાં તેમના પિતાજી અને મોટો ભાઈ જીતેન્દ્ર નોકરી પર ગયેલા. ત્યારબાદ તેમના મિત્ર પંકજનો ફોન આવેલો અને દમણ બીયર પીવા જવાનું કહેતા

તેમણે તેને તેમના ઘરે બોલાવેલો અને તેની સાથે શ્રીરામ અને વિકકી પણ હતાં. ત્યારબાદ તેઓ ત્રણેય જણા તેમના ઘરે આવેલાં અને પંકજ તેમની સાથે જમવા બેસેલો. ત્યારબાદ પંકજે તેમને નીચે ગેટ સુધી છોડવા માટે જણાવતા તેઓ નીચે ગેટ સુધી મુકવા ગયેલ. વિકકીએ મોટર સાયકલ ગેટની બહાર મુકેલી અને પંકજે તેમના ખભે હાથ રાખી ગેટની બહાર લઈ આવેલ. તે દરમ્યાન અચાનક કેટલાંક ઈસમો ત્યાં આવેલા અને અંધારાનો સમય હતો, જેથી તેઓને પોતે ઓળખી શકેલ ન હતાં, તે દરમ્યાન શું થયેલું તેની ખબર પડી ન હતી પરંતુ સદર બનાવમાં તેમના માથાના ભાગે તથા ખભાના ભાગે ઈજા થયેલ. તે કોણે અને કયાં હથિયારથી મારેલું, તેની તેમને ખબર પડી ન હતી. તેમને માથામાં વાગતા તેઓ બેભાન થઈ ગયેલ. તેમને ભાન આવતા પોતે વાપી હરીયા હોસ્પિટલમાં સારવાર હેઠળ હતાં. તેઓ ભાનમાં આવ્યા બાદ પણ તેમને કોણે અને કયાં હથિયાર વડે મારેલું તે તેમને કોઈએ જણાવેલ ન હતું. આ બનાવ બનવાનું કારણ શું હતું તે પણ પોતે જાણતા નથી. બનાવ અંગેની ફરીયાદ તેમની બહેન લચ્છુ લાલબહાદુર સીંગે આપી હતી. તેમને મારનાર ઈસમોને તેઓ ઓળખતા નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બનાવ વખતે અંધારું હતું અને તેમને કયાં હથિયાર વડે મારેલું તેની તેમને ખબર નથી, જેથી હથિયાર બતાવવામાં આવે તો પણ તેઓ ઓળખી શકે તેમ નથી. આમ, આ સાહેદે હોસ્ટાઈલ વલણ અખત્યાર કરેલું હોય તેથી તેઓની વિ.પી.પી.શ્રીએ અદાલતની પરવાનગી માંગીને અને મેળવીને ઉલટતપાસ કરી છે પરંતુ આવી ઉલટતપાસમાંથી પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો મેળવી શકેલાં નથી અને આમ આ મહત્વના સાહેદ એવા ઈજા પામનારના પુરાવાથી ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ ન હોય આ સાહેદનો પુરાવો કોઈ જ રીતે મદદકર્તા બનતો નથી

તેમ હું માનું છું.

(૧૧) ત્યારબાદ ફરીયાદપક્ષનાં **સાહેદ નં.૨ લક્ષ્મીસીંગ લાલબહાદુર સીંગ આંક–૩૮**થી તપાસેલ છે. તેઓ આ કામના ફરીયાદી છે. તેમનો પુરાવો છે કે, બનાવ બન્યાને ત્રણથી ચાર વર્ષનો સમય વીતી ગયો છે. બનાવ રાત્રિના દસ વાગ્યાના અરસામાં બન્યો હતો. બનાવના દિવસે તેમના પિતરાઈ ભાઈ કમલેશ સીંઘ તેમના ઘરે આવેલ. સાંજના સાડા સાતના અરસામાં તેમના પિતાજી અને તેમનો મોટો ભાઈ જીતેન્દ્ર નોકરી પર ગયેલા. ત્યારબાદ નાનો ભાઈ જગદીશ ઉર્ફે છોટુ ઘરમાં હાજર હતાં અને તેનો મિત્ર પંકજનો ફોન આવેલો અને ત્યારબાદ પંકજ અને શ્રીરામ અને વીકકી તેમના ઘરે આવેલાં. પંકજ અને તેમના ભાઈ જગદીશ ઉર્ફે છોટુ ઘરમાં જમ્યા હતાં. ત્યારબાદ પંકજે જગદીશને નીચે ગેટ સુધી છોડવા માટે જણાવેલું. જેથી જગદીશ તેઓને મુકવા નીચે ગયો હતો. વિકકીએ મોટર સાયકલ ગેટની બહાર મુકેલી અને પંકજે તેમના ભાઈ જગદીશના ખભે હાથ રાખી ગેટની બહાર લઈ આવેલ. તે દરમ્યાન કેટલાંક ઈસમો ત્યાં આવેલા અને અંધારાનો સમય હતો, જેથી તેઓને તેઓ ઓળખી શકેલ ન હતાં, તે દરમ્યાન શું થયેલું તેની ખબર પડી ન હતી પરંતુ સદર બનાવમાં તેમના ભાઈ જગદીશના માથાના ભાગે તથા ખભાના ભાગે ઈજા થયેલ. તે કોણે અને કયાં હથિયારથી મારેલું તેની તેમને ખબર પડી ન હતી. તેમના ભાઈ જગદીશને માથામાં વાગતા બેભાન થઈ ગયો હતો. તેમના ભાઈ જગદીશને વાપી હરીયા હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતાં અને આ બનાવ બનવાનું કારણ તેઓ જાણતા નથી. બનાવ અંગેની ફરીયાદ તેમણે આપી હતી, જે ફરીયાદ જોઈ જેમાંની પોતાની સહી ઓળખી બતાવી ફરીયાદ આંક–૩૯થી રજુ કરેલ છે. તેઓને હથિયાર બતાવવામાં આવે તો પણ ઓળખી શકે તેમ નથી. આમ, આ ફરીયાદીએ હોસ્ટાઈલ વલણ અખત્યાર કરેલું હોય, તેથી

તેઓની વિ.પી.પી.શ્રીએ અદાલતની પરવાનગી માંગીને અને મેળવીને ઉલટતપાસ કરી છે પરંતુ આવી ઉલટતપાસમાંથી પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો મેળવી શકેલાં નથી અને તેથી આ ફરીયાદીના પુરાવાથી ફરીયાદ પક્ષ ફરીયાદ પુરવાર કરી શકેલ ન હોય તેમનો પુરાવો કોઈ જ રીતે ફરીયાદ પક્ષને મદદકર્તા બનતો નથી, તેમ હું માનું છું.

(૧૨) ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફેના **સાહેદ નં.૩ સાવિત્રીસંઘ લાલબહાદુરસીંગ ઠાકુરનો આંક–૪૦**થી પુરાવો છે કે, બનાવ બન્યાને ત્રણથી ચાર વર્ષનો સમય વીતી ગયો છે. બનાવ રાત્રિના દસ વાગ્યાના અરસામાં બન્યો હતો. બનાવના દિવસે તેમનો ભત્રીજો કમલેશસીંઘ તેમના ઘરે આવેલ. સાંજના સાડા સાતના અરસામાં તેમના પતિ અને તેમનો મોટો દિકરો જીતેન્દ્ર નોકરી પર ગયેલાં. ત્યારબાદ નાનો દિકરો જગદીશ ઉર્ફે છોટુ ઘરમાં હાજર હતો અને તેનો મિત્ર પંકજનો ફોન આવેલો અને ત્યારબાદ પંકજ અને શ્રીરામ અને વીકકી તેમના ઘરે આવેલાં. પંકજ અને તેમનો દિકરો જગદીશ ઉર્ફે છોટુ ઘરમાં જમ્યા હતાં. ત્યારબાદ પંકજે જગદીશને નીચે ગેટ સુધી છોડવા માટે જણાવેલું. જેથી જગદીશ તેઓને મુકવા નીચે ગયો હતો. વિકકીએ મોટર સાયકલ ગેટની બહાર મુકેલી અને પંકજે તેમના દિકરા જગદીશના ખભે હાથ રાખી ગેટની બહાર લઈ આવેલ. તે દરમ્યાન કેટલાંક ઈસમો ત્યાં આવેલાં અને અંધારાનો સમય હતો, જેથી તેઓને તેઓ ઓળખી શકેલ ન હતાં, તે દરમ્યાન શું થયેલું તેની ખબર પડી ન હતી પરંતુ સદર બનાવમાં જગદીશના માથાના ભાગે તથા ખભાના ભાગે ઈજા થયેલ. તે કોણે અને કયાં હથિયારથી મારેલું, તેની તેમને ખબર પડી ન હતી. જગદીશને માથામાં વાગતા બેભાન થઈ ગયો હતો. જગદીશને વાપી હરીયા હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતાં અને આ બનાવ બનવાનું કારણ તેઓ

જાણતા નથી. બનાવ અંગેની ફરીયાદ તેમની દિકરી લચ્છુએ આપેલ હતી. આમ, આ સાહેદે હોસ્ટાઈલ વલણ અખત્યાર કરેલું હોય, તેથી તેઓની વિ.પી.પી.શ્રી એ અદાલતની પરવાનગી માંગીને અને મેળવીને ઉલટતપાસ કરી છે પરંતુ આવી ઉલટતપાસમાંથી ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો મેળવી શકેલાં નથી અને તેથી આ સાહેદનો પુરાવો કોઈ જ રીતે ફરીયાદ પક્ષને મદદકર્તા બનતો નથી તેમ હું માનું છું.

(૧૩) ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફેના **સાહેદ નં.૪ વાસુદેવ ચંદવાની પરસોત્તમભાઈનો આંક-૪૪**થી પુરાવો છે કે, છેલ્લા નવ વર્ષથી હરીયા હોસ્પિટલમાં ન્યુરો સર્જન તરીકે સેવા આપે છે. તા.૪/૧૨/૨૦૧૫ ના રોજ દર્દી નામે જગદીશ લાલબહાદુર તેમની હોસ્પિટલમાં દાખલ થયેલ. જેમને તેમણે રાત્રે ૧૨.૦૫ વાગ્યે તપાસેલ. જેમની ઈજા જોતાં માથામાં ગંભીર પ્રકારની મલ્ટીપલ મસલ્સ ઈન્જરી હતી. દર્દીને જમણી બાજુના ખભાના ભાગે ઈજા થયેલ હતી અને જમણા ઘુંટણીચે જે ઈજા હતી, તેમનું ઓપરેશન ડો.પંકજ અગ્રવાલે કર્યુ હતું. માથાની ઈજાઓનું ઓપરેશન તેમણે પોતે કરેલ હતું. વધુમાં ડોકટરશ્રીએ પુરાવામાં જણાવેલ છે કે, દર્દી સભાન અવસ્થામાં હતાં. દર્દીને તા.૧૪/૧૨/૨૦૧૫ ના રોજ ડીસ્ચાર્જ કરવામાં આવેલ હતાં. આ અંગેનું સર્ટીફીકેટ તેમણે આપેલ હતું, જેમાં તેમના હોદ્દાનો સિકકો અને સહી ઓળખી બતાવી સર્ટીફીકેટ આંક-૪૫થી રજુ કરેલ છે. આ સાહેદની આરોપી તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેમણે એવું કબુલેલ છે કે, તેમણે તેમના સર્ટીફીકેટમાં આ ઈજાઓ કઈ રીતે થયેલ તે જણાવેલ નથી. તેમણે એમ પણ કબુલ કરેલ છે કે, આ ઈજાઓ કયાં હથિયારથી થયેલ છે તે પણ જણાવેલ નથી. તેમણે એમ પણ કબુલ કરેલ છે કે, આ ઈજા કોણે કરેલી તે પણ તેમના સર્ટીફીકેટમાં જણાવેલ નથી. તેમણે એમ પણ કબુલેલ છે કે, હોસ્પિટલમાં

દર્દીને સારવાર માટે કોણ લાવેલ તે જણાવેલ નથી. તેમણે એમ પણ કબુલેલ છે કે, આવી ઈજાઓ પડી જવાથી પણ થઈ શકે. આમ, આ મેડીકલ ઓફીસરશ્રીના પુરાવાથી અને તેમણે આપેલ આંક–૪૫ નું સર્ટીફીકેટ જોતા ઈજા પામનાર જગદીશને માથામાં તથા ખભાના ભાગે ઈજાઓ થયેલ હોવાનું સાબિત થાય છે.

(૧૪) ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફેના **સાહેદ નં.૫ બ્રીજેશકુમાર મણીભાઈ પટેલ, આંક–૪૮** ના પુરાવામાં જણાવેલ છે કે, તા.૪/૧૨/૨૦૧૫ ના રોજ તેઓ વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતાં, ત્યારે પી.એસ.ઓ. તરફથી આ ગુનાની તપાસ તેમને ડેપ્યુટ થયેલી. સદર ફરીયાદ ઈજા પામનાર સાહેદ જગદીશ ઉર્ફે છોટુની બહેન લક્ષ્મીસિંહ ધ્વારા પી.એસ.આઈ. શ્રી જે.સી.શેખ રૂબરૂ આપેલ હતી. તપાસ સંભાળી સદર ગુનાના કામે બનાવવાળી જગ્યાનું પંચનામું એફ.એસ.એલ. અધિકારીશ્રીની હાજરીમાં કરવામાં આવેલું. તપાસનાં કામે ઈજા પામનાર જગદીશભાઈ તેમના માતા સાવિત્રીબેન તથા બહેન લક્ષ્મીસિંહના લોહીવાળા કપડાં પંચનામાની વિગતે કબજે કરેલ છે તથા એફ.એસ.એલ.માં મોકલાવેલ. સદર ગુનાના કામે તા.૦૪/૧૨/૨૦૧૫ ના રોજ આરોપી વિકાસસિંહ, પંકજ ગીરી, શ્રીરામ રાજભર તથા વિકી ભગુભાઈ કોળીની ધરપકડ કરેલી. આ ગુનાના કામે આરોપી પંકજના પિતા સાહેદ કનૈયાલાલ ગીરી મોટર સાયકલ રજુ કરતાં પંચનામાની વિગતે મોટર સાયકલ કબજે કરેલી. ત્યારબાદ તા.૧૭/૧૨/૨૦૧૫ ના રોજ અન્ય આરોપી અજીમ ઉર્ફે કલ્લુ મીજો, અનિલ યાદવ, મલીક વીરાણી, ચંદ્રકેશ પાંડે, આસીફ ઉર્ફે માંજરો તથા આશિષ શર્માની ધરપકડ કરેલી અને શરીરસ્થિતિનું પંચનામું કરેલું અને તેજ દિવસે આરોપીઓએ પહેરેલ કપડાં તથા ગુનાના કામે વાપરેલ સાધનો કબજે લીધેલા. તા.૧૩/૧૨/૧૫ ના રોજ ઈજા પામનાર સાહેદ જગદીશસિંહ ઉર્ફે છોટુ ભાનમાં આવતાં કાર્યપાલક

મેજીસ્ટ્રેટશ્રી મારફતે ડી.ડી. લેવામાં આવેલ. ત.ક.અધિકારીશ્રીએ પોતાના પુરાવા દરમ્યાન આંક–૪૯થી પો.સ્ટે.અમલદાર ધ્વારા તેમને તપાસ સોંપ્યાનો હુકમ રજુ કરેલ છે. તેમણે ગુનાવાળી જગ્યાનું પંચનામું જોઈ તેમાં પંચોની તથા પોતાની સહી ઓળખી બતાવી આંક–૫૦થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ કરેલ છે. તેમણે આરોપીઓએ બનાવ વખતે પહેરેલ કપડાં કબજે કર્યાનું પંચનામું જોઈ તેમાં પંચોની તથા પોતાની સહી ઓળખી બતાવી પંચનામું આંક–૫૧થી રજુ કરેલ છે. આરોપીઓનું અટક પંચનામું જોઈ તેમાં પંચોની તથા પોતાની સહીઓ ઓળખી બતાવી પંચનામું આંક–૫૨ થી રજુ કરેલ છે. ગુનાના કામે આરોપી પંકજના પિતા સાહેદ કનૈયાલાલ ગીરી મોટર સાયકલ રજુ કરતાં પંચનામાની વિગતે મોટર સાયકલ કબજે કરેલ તે પંચનામું જોઈ તેમાં પંચોની તથા પોતાની સહીઓ ઓળખી બતાવી પંચનામું આંક–૫૩થી રજુ કરેલ છે. આરોપીઓની શરીર સ્થિતિનું પંચનામું જોઈ તેમાં પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવી પંચનામું આંક–૫૪થી રજુ કરેલ છે. ઈજા પામનારનું કાર્યપાલક મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા ડાઈંગ ડેકલેરેશન લેવડાવેલ, જે ડી.ડી. તેમણે આંક–૫૫ થી રજુ કરેલ છે. મુદ્દામાલ રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર બતાવતા તેમાં પોતાની તથા ડી.વાય.એસ.પી. શ્રી એસ.એમ.કુંડલીયાની સહી ઓળખી બતાવી મુદ્દામાલ રવાનગી નોંધ આંક–૫૬ થી રજુ કરેલ છે. તેમને નાયબ નિયામકશ્રી, પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, એફ.એસ.એલ. સુરતે પરીક્ષણ બાબતે પત્ર લખેલો, જે પત્ર તેમણે આંક–૫૭થી રજુ કરેલ છે. તેમને બાયોલોજી પરીક્ષણનો અહેવાલો મળેલો, જે તેમણે આંક–૫૮થી રજુ કરેલ છે. તેમને સીરોલોજીકલ પૃથ્થકરણનો અહેવાલ મળેલો, જે તેમણે આંક–૫૯થી રજુ કરેલ છે. ત.ક.અમલદારશ્રીનો વધુમાં પુરાવો છે કે, ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. આરોપીઓ વિરુધ્ધ

પુરતા પુરાવા જણાતા તેમણે ચાર્જશીટ દાખલ કરેલું. તેમના પુરાવા દરમ્યાન અદાલતમાં હાજર એવા આરોપી વિકાસ સિંહ, પંકજ ગીરી, વિકી કોળી પટેલ, અનિલ ઉર્ફે જાડીયો યાદવ તથા મલીક વિરાણીને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે. ગેરહાજર આરોપીઓની ઓળખ સંબંધે બચાવપક્ષ તરફે કોઈ તકરાર નથી. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા આ કામે હોસ્ટાઈલ થયેલાં સાહેદોએ તેમની રૂબરૂ જણાવેલ નિવેદન અને અદાલત રૂબરૂ આપેલ પુરાવામાં આવેલ વિરોધાભાસ પુરવાર કરવામાં આવેલ છે. આ ત.ક.અમલદારશ્રીની આરોપીઓ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેમણે આરોપીઓ તરફે કરવામાં આવેલા એ સૂચનનો ઈન્કાર કરેલ છે કે, તેમણે સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબ લખેલ નહી. તેમણે એવા સૂચનનો પણ ઈન્કાર કરેલ છે કે, પોલીસ સ્ટેશનમાં બેઠાં બેઠાં પંચનામા તૈયાર કરી પાછળથી પંચોની સહીઓ લીધેલી. તેમણે એવા સૂચનનો પણ ઈન્કાર કરેલ છે કે, તેમણે પુરતા પુરાવા વિના ચાર્જશીટ કરેલ છે. આમ, સદરહું સાહેદનો પુરાવો જોતા આ સાહેદ ત.ક.અધિકારી છે અને તેમને આ કેસની તપાસ સોંપવામાં આવતા તેમણે પોતાની ફરજના ભાગરૂપે આ કેસની ધોરણસરની તપાસ કરી ચાર્જશીટ દાખલ કરેલ હોવાનું તેમનો પુરાવો જોતા જણાય છે.

(૧૫) આમ, ફરીયાદ પક્ષ તરફે રજુ કરેલ ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવા જોતાં સૌથી મહત્વના સાહેદ અને ઈજા પામનાર સાહેદ જગદીશ ઉર્ફે છોટુ લાલબહાદુરસિંહ ઠાકુર હોસ્ટાઈલ થયેલ છે, તેમના પુરાવાથી તેમને માથાના ભાગે તથા ખભાના ભાગે ઈજા થયેલાનું જણાય છે, જે ઈજાઓ અંગે તપાસેલ મેડીકલ ઓફીસરશ્રીએ પણ સમર્થન કરેલ છે, પરંતુ આ ઈજાઓ કરનાર તરીકે તેમણે જણાવેલ છે કે, કેટલાંક ઈસમો ત્યાં આવેલાં અને અંધારાનો સમય હતો, જેથી તેઓ ઓળખી શકેલાં નહીં. તેમને થયેલ ઈજા કોણે અને કયાં હથિયારથી

મારેલું, તેની તેમને ખબર પડેલ નહીં, તેમ જણાવેલ છે. જેથી આ મહત્વના સાહેદ ઈજા પામનારના પુરાવાથી તેમને બનાવમાં ઈજા થયેલાનું સાબિત થાય છે પરંતુ આ ઈજાઓ કરનાર હાલનાં આરોપીઓ જ હતાં તેવું લેશમાત્ર સાબિત થતું નથી. તેઓએ ઈજા કરનાર તરીકે ''કેટલાંક ઈસમો'' એમ જણાવેલ છે પરંતુ તે હાલનાં જ આરોપીઓ હતાં તેવું જણાવેલ નથી. જેથી આ ઈજા પામનારનાં પુરાવાથી ફરીયાદ પક્ષ હાલના જ આરોપીઓએ તેઓને થયેલી ઈજાઓ કરેલ હોવાનું સાબિત કરી શકેલ નથી. ત્યારબાદ તપાસેલ ફરીયાદીનો પુરાવો જોતાં તેમણે પણ ઈજા પામનાર સાહેદ જગદીશ જેવો જ પુરાવો આપેલો છે, તેઓ પણ હોસ્ટાઈલ થયેલાં છે. તેઓએ પણ ઈજા પામનાર જગદીશને થયેલી ઈજાઓ હાલના આરોપીઓએ કરેલ હોવાનું જણાવેલ નથી. ત્યારબાદ તપાસેલ અન્ય સાહેદોનો પુરાવો જોતાં તેઓ પણ હોસ્ટાઈલ થયેલાં છે અને તેઓએ પણ ઈજા પામનાર જગદીશને થયેલી ઈજાઓ હાલના આરોપીઓએ કરેલ હોવાનું જણાવતા નથી. જેથી તેઓના પુરાવાથી પણ ફરીયાદ પક્ષ પોતાનો કેસ સાબિત કરી શકેલ નથી. આમ, ઈજા પામનાર સાહેદ, ફરીયાદી તથા તપાસેલ અન્ય સાહેદોના પુરાવાથી ફરીયાદ પક્ષ પોતાનો કેસ સાબિત કરી શકેલ નથી. ત્યારબાદ તપાસેલ પી.એસ.ઓ. અને ત.ક.અમલદાર છે, તેમણે પોતાની ફરજના ભાગરૂપે આ કેસની ફરીયાદના આધારે ગુનો દાખલ કરી આગળની તપાસ ત.ક.અમલદારશ્રીએ કરેલ છે અને તપાસના અંતે ચાર્જશીટ કરેલ છે. જયારે બનાવમાં ઈજા પામનાર સાહેદ, ફરીયાદી તથા સાહેદોએ જ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ ન હોય ત્યારે આ સમર્થનકારી પુરાવાથી આરોપીઓ વિરુધ્ધ કેસ સાબિત માની શકાય તેમ નથી અને જેથી તેમનો પુરાવો પણ ફરીયાદ પક્ષને મદદરૂપ સાબિત થતો નથી. આરોપીઓ તરફે આ કેસના તમામ પંચનામા તથા મેડીકલ સર્ટીફીકેટ તથા

એફ.એસ.એલ. અહેવાલ કબુલ રાખેલ છે, જેથી ફરીયાદ પક્ષ સદરહું દસ્તાવેજી પુરાવા સાબિત કરી શકેલ છે પરંતુ જયારે હાલના ફરીયાદી તથા સાહેદોએ જ ઈજા પામનારને થયેલી ઈજાઓ હાલના આરોપીઓએ કરેલ હોવાનું જણાવેલ નથી, ત્યારે ફકત આ દસ્તાવેજી પુરાવાના આધારે કેસ સાબિત થયેલો માની શકાય નહી. તેથી કેસની હકીકત અને સંજોગો જોતાં આ કામના આરોપીઓએ આંક-૦૬ ના તહોમતનામા મુજબનો ગુનો કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થતું ન હોય, આરોપી નિર્દોષ છુટવાને હકકદાર જણાઈ આવતા હોય, **મુદ્દા નં.૧**નો નિર્ણય **નકારમાં** આપવામાં આવે છે અને **મુદ્દા નં.૨** અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -: આ ખ રી હુ ક મ :-

(૧) આ કેસના આરોપી નં.૧. **વિકાસસીંગ રાજેશસીંગ**, રહે.દેસાઈવાડ, તુલસી વિહાર એપાર્ટમેન્ટ, વાપી, તા.વાપી, જી.વલસાડ, આરોપી નં.૨. **પંકજ કનૈયાલાલ ગીરી**, રહે.સિધ્ધનાથ મહાદેવ મંદિર રોડ, વાપી, તા.વાપી, જી.વલસાડ, આરોપી નં.૩. **શ્રીરામ જવાહર રાજભર,** રહે.ટાંકી ફળીયા, જે ટાઈપ રોડ, શર્માજીની ચાલી, વાપી, તા.વાપી, જી.વલસાડ, આરોપી નં.૪. **વિકી ભગુભાઈ કો.પટેલ,** રહે.ગીતાનગર, ટાંકી ફળીયા, જે ટાઈપ રોડ, મધર ટેરેસા સ્કુલ, વાપી, તા.વાપી, જી.વલસાડ, આરોપી નં.૫. **અજીમ ઉર્ફે કલ્લુ ઈર્શાદ મીર્જા**, રહે.ઈમરાનનગર, મોર્ડન સ્કુલની બાજુમાં, વાપી, તા.વાપી, જી.વલસાડ, આરોપી નં.૬. **અનિલ ઉર્ફે જાડીયો મુનીલાલ યાદવ**, રહે.ગીતાનગર, વાપી, તા.વાપી, જી.વલસાડ, આરોપી નં.૭. **મલીક મુરાદ વિરાણી**, રહે.ચલા, જગનપાર્ક, આશીયાના એપાર્ટમેન્ટ, વાપી, તા.વાપી, જી.વલસાડ, આરોપી નં.૮. **ચંદ્રકેશ ઉર્ફે રામુ દિપનારાયણ પાંડે**, રહે.ગીતાનગર, મોર્ડન સ્કુલની

પાછળ, વાપી, તા.વાપી, જી.વલસાડ તથા આરોપી નં.૯. **આસીફ ઉર્ફે અબુસાદ સૈયદ**, રહે.ગીતાનગર, વાપી, તા.વાપી, જી.વલસાડનાઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૩૨૬, ૫૦૪ તથા ૨૦૧ મુજબના ગુના માટે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે મુદ્દામાલની બે મોટર સાયકલ કબજે લેવામાં આવી હતી. જે પૈકી મુદ્દામાલ મોટર સાયકલ હીરો હોન્ડા સ્પલેન્ડર રજી. નં. જી.જે.૧૫–બીડી–૦૦૩૫ ની વચગાળાની કસ્ટડી વિધ્વાન મેજીસ્ટ્રેટ સાહેબે રાકેશભાઈ અરવિંદભાઈ પટેલને તેમજ અન્ય મોટર સાયકલ હીરો હોન્ડા પ્રો રજી. નં. જી.જે.૧૫–બીજી–૯૭૨૩ ની વચગાળાની કસ્ટડી વિધ્વાન મેજીસ્ટ્રેટ સાહેબે પંકજ કનૈયાલાલ ગીરીને સુપ્રત કરવાનો હુકમ કર્યો છે. જે વચગાળાની કસ્ટડીને આથી કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે. બાકીના મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના દરેક આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૪૩૭(એ) ની જોગવાઈ મુજબ અપીલ સમયનો રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા)નો એક સધ્ધર જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો ભરી આપવાનો રહેશે.

હુકમ આજરોજ તારીખ : ૦૧ માહે : જાન્યુઆરી સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

તારીખ : ૦૧/૦૧/૨૦૨૧.

(કૌશિકકુમાર જશવંતલાલ મોદી)
સેકન્ડ એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ
સેશન્સ જજ, વલસાડ મુ. વાપી.
કોડ : જીજે૦૦૫૯૭.